સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ભીંજાતા નથી, દયા-કરૂણાથી, મોરા રહે છે...
'નગર'માં આવ્ય પછી સાહેબો ન્યારા રહે છે!
અડે ના ઓરા લાગણીની, ન વાત્સલ્ય એમને -
એટલે જ અહીં આવે ન વર્ષા, કોરા રહે છે..
(લખ્યા તા. ૨૫/૭)

હાઈકુ

મગર ખોરું
વૃત્તિ - લાવ - લાવની -
નગર કોરું !

'નર્મદા' છે ને !
ન આવે તો કૈં નંઈ !!
શેખી તો જૂઓ !!

ચિંતન

નામરૂપાદિકં સર્વં, વિહાય પરમાર્થવિત્ ।
પરિપૂર્ણચિદાનન્દસ્વરુપેણાવતિષ્ઠતે ॥

ઉપરોક્ત શ્લોક સર્વવેદાંત - સિદ્ધાંત - સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

નામ તથા રૂપાદિક સર્વનો સારી રીતે ત્યાગ કરીને પરમાર્થને જાણનારો પુરુષ પરિપૂર્ણ જ્ઞાન અને આનંદસ્વરુપે સ્થિત રહે છે.

જે આપણને મોહ-માયાના બંધનમાં બાંધે છે એવાં નામ-સ્વરુપ જેવાં આકર્ષણોમાં બંધાયા વિના તેનો ત્યાગ કરે અને દૂર રહે અને સમજપૂર્વક ત્યાગ કરી શકે એવી વ્યક્તિ પરમાર્થ અને ત્યાગી હોય અને પરિપૂર્ણ જ્ઞાન ધરાવે છે. એ વ્યક્તિ સદા નિજાનંદમાં રહી શકે છે. તે જ્ઞાની અને આનંદ સ્વરુપ જ છે.

સુવિચાર

- જેની પાસે આપવાની હિંમત નથી તે લેવાને માટે પણ પાત્રતા નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પરિણામ પામે તે જ્ઞાન અને પરિણામ ના પામે તે શુષ્ક જ્ઞાન - **મુંબઈ સમાચાર**
- સફળતા માટે આત્મવિશ્વાસ જરૂરી છે અને આત્મવિશ્વાસ માટે તૈયારી - **અનુપ મહેતા**
- પગમાં જેમ કાંટા ખૂંચે છે તેમ દિલમાં દોષો ખૂંચવા જોઈએ - **દાદા ભગવાન**
- ભોજનનો ઓડકાર આવે, સંપત્તિનો નહિ - **બી કે શિવાની**
- સંસારમાં જે કરીએ તે શ્રમ છે, પરમાત્મા માટે જે કરીએ તે વિશ્રામ છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : હૃદયના દુઃખાવામાં એકસો મિ.લિ. આદુના રસમાં પચાસ મિ.લિ. મધ મેળવી પીવાથી આરામ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જીવનમાં ઊંચા વિચારનો અભાવ, સાચી શ્રદ્ધાનો અભાવ, નક્કર પગલાંનો અભાવ, સકારાત્મક અભિગમનો અભાવય ભય ઉત્પન્ન કરે છે. આત્મવિશ્વાસ અને પરમાત્મામાં આસ્થાથી ભય પર વિજય શક્ય બને છે. સ્વામી રામદાસને ભક્તે પૂછ્યું, 'સ્વામીજી, આપને કોઈ ચીજનો ભય લાગે છે ખરો ?' સ્વામીજીએ કહ્યું, 'ના, હું અભય છું.' ભક્તે પૂછ્યું 'મારો પણ મારા જીવનમાંથી ભયને દૂર કરવો છે.' બેચાર બીજા ભક્તોએ પણ પોતાના ભય દર્શાવ્યા. કોઈકે કહ્યું, અંધારાનો ભય, કોઈએ કહ્યું. ચોર-લુંટારાનો ભય, કોઈકે કહ્યું નિષ્ફળતાનો ભય. આમ ભયની યાદી મોટી થઈ. સ્વામી રામદાસે સૌને કહ્યું, 'આ બધા ભય તમે જ ઉત્પન્ન કર્યા છે. તમે બધા જાતે જ જુદા જુદા ભયના બંધનમાં સામેથી બંધાયા છો.' ભક્તોએ કહ્યું, 'તો પછી આપ જ અમોને ભયમાંથી મુક્ત થવાનો ઉપાય બતાવો.' સ્વામીએ કહ્યું, 'તમે ભયને પકડ્યો જ શું કામ ? ભયને છોડીએ, ભય તમારા જીવનની મોટામાં મોટી નિર્બળતા છે. એને દૂર કરવાના બે રસ્તા છે. પહેલો રસ્તો છે જાતમાં વિશ્વાસ રાખો. સદા-સર્વદા માનો 'હું અભય છું.'' એમ બોલતાં રહો. બીજો રસ્તો છે. ભગવાનમાં શ્રદ્ધા રાખો. અભયદાતા એવા પરમાત્માને શરણે જાઓ. સૌ ને સ્વામી રામદાસની વાત ગળે ઊતરી.

સંસદમાં ભાષાવિવેક જળવાવો જોઈએ

તંત્રીસ્થાનેથી...

સંસદને આપણે બંધારણના માધ્યમથી સર્વોત્તમ સત્તા આપી દીધી છે. એ બહુમતીથી શાસન ચલાવે છે, કાનૂન ઘડે છે જેનો અમલ ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર દ્વારા થાય છે. આવી પવિત્ર સંસ્થાના ફલોર પર વપરાતી ભાષા પણ પવિત્ર હોવી જોઈએ એ સુનિશ્ચિત કરવામાં આપણા ધુરંધરો થાપ ખાઈ ગયા છે. સંસદની અંદર બોલાયેલા અપવિત્ર, અભદ્ર કે અશ્લીલ વિધાનો પર પણ સંસદની બહાર કાર્યવાહી નથી થઈ શકતી તે ઘણી જ કમનસીબ બાબત છે. એમને સંસદની ચાર દીવાલો વચ્ચે કંઈ પણ બકી નાખવાની છૂટ આપી દઈને આપણા બંધારણના ઘડવૈયાઓએ ભૂલ નથી કરી શું ? ઉત્તરપ્રદેશના દમદાર સમાજવાદી નેતા આઝમખાને ટ્રિપલ તલાક બિલ પરની ચર્ચામાં ભાગ લેતાં સ્પીકરની ખુરશી પર બેઠેલાં મહિલા સાંસદ સંદર્ભે જે શબ્દો ઉચ્ચાર્યા છે તે કોઈ છેલબટાઉ રોમિયોની ભાષા છે. સંસદસભ્ય જેવી જવાબદાર અને આઝમખાન જેવી પીઢ હસ્તીના મોઢામાં એ શોભે નહીં. એમને પોતાની રજૂઆત કરતાં આડુંઅવળું જોઈ વાત કરતાં ટોકવામાં આવ્યા અને સ્પીકરની ચેર પર બેઠેલાં મહિલા સાંસદે એમને પોતાની સામે જોઈ મુદ્દાસર ચર્ચા કરવા જણાવ્યું ત્યારે આ અનાડી સપા નેતાના બારેબંધ ખૂલી ગયા. એમણે કોઈ પણ મહિલાને ચંપલ ઉગામવાનું મન થઈ જાય એવી હલકી ભાષામાં એમનું પોત પ્રકાશવા માંડ્યું. ચૂંટણી જંગમાં એમની વિરુદ્ધ ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર મેદાનમાં ઊતરેલા એમનાં પૂર્વ સપા-સાથી અને અભિનેત્રી વિશે જાહેર સભાઓમાં આ પીઢ નેતા જેવી અશોભનીય વાણી ઉચ્ચારતા હતા એવી જ સંસદગૃહમાં પણ બોલવા લાગ્ય છે, છતાં સ્પીકરની ખુરશી પર બેઠેલાં મહિલા 'શટ અપ!' કહી લાલ આંખ બતાવવાને બદલે એમના વિશે, એમની આંખોમાં આંખો પરોવી રાખવાની કુત્સિત મનોદશા વિશે માત્ર 'ધન્યવાદ' કહી આભારદર્શન વ્યક્ત કરે તે શું યોગ્ય છે ? હોભાળો થયા પછી એમના શબ્દો રેકર્ડમાંથી ડિલિટ કરવાનો નિર્ણય કરાયો અને એમને માફી માગવાનું જણાવાયું પરંતુ ત્યારે આ ગુલાંટબાજ નેતાએ તો વળી એમની સાથે ભાઈ-બહેનનો નાતો બાંધવાની ઉમેદ જાહેર કરી. એથીય વધુ શરમજનક બાબત તો એ કે સમાજવાદી પાર્ટીના યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ એમનો લૂલો બચાવ કરતા ઊભા થઈ ગયા. યુવાનોએ આવા લાળપાડુ વડીલોને તો લબડધક્કે ચડાવી સીધા કરવા જોઈએ. આઝમ ખાન આવી હરકતો માટે કુખ્યાત છે. એ ઉત્તરપ્રદેશમાં જયા પ્રદાને ચૂંટણી લડવા લઈ ગયા ત્યારે પણ એને નાની બહેન તરીકે જ ઓળખાવતા હતા અને પછી એની જ વિરુદ્ધ ચૂંટણી લડવાની નોબત આવી ત્યારે ડિક્ષનરીમાં પણ ન હોય એવી ગલીચ, રેડલાઈટ એરિયાની ભાષા વાપરતા થઈ ગયા હતા ! હવે જયારે તેઓ સુસંસ્કૃત એનડીએ સરકાર હસ્તક વિપક્ષના સાંસદ તરીકે સંસદમાં બેઠા છે ત્યારે પણ એમની લૂલી પર લગામ નહીં જ રહે તે નક્કી છે. શું સંસદની શિસ્ત સમિતિએ અને વિશેષાધિકાર સમિતિએ આ મુદ્દાને ગંભીર ગણી આવી અભદ્ર ભાષા બોલનાર સાંસદને સસ્પેન્ડ ન કરવા જોઈએ ?

પૈસા તો હર કોઈ કમા લેતા હૈ, લેકિન ઈજ્જત કમાના સબ કે બસ કી બાત નહીં...

પૈસા તો હર કોઈ કમા લેતા હૈ, લેકિન ઈજ્જત કમાના સબ કે બસ કી બાત નહીં...
- કભી ખુશી કભી ગમ

ડાયલોગથી
ડો. જય ઓઝા

ઈ.સ. ૨૦૦૧ની સૌથી સફળતમ ફિલ્મ એટલે 'કભી ખુશી કભી ગમ.' કરણ જોહરની 'કુછ કુછ હોતા હૈ' પછીની સુપરહીટ ફિલ્મ 'K3G' હતી. અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, શાહરૂખ ખાન, કાજોલ, રિતીક રોશન, કરીના કપૂર જેવા કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો. અને સ્વયં કરન જોહર જ 'બોલે ચુડીયા...' ગીતના શૂટીંગ દરમિયાન આટલા મોટા કલાકારોને દિગ્દર્શિત કરવાના સ્ટ્રેસમાં ને ટેન્શનમાં સેટ પર જ બેભાન થઈ ગયાં હતા.

અમિતાભ બચ્ચનને મુખે બોલાવવામાં આવેલ આ સંવાદ કરણ જોહરે લખ્યો છે, અને કરણ જોહરને આ ફિલ્મના સંવાદ લેખક તરીકે તે વર્ષનો 'બેસ્ટ ડાયલોગ રાઈટર' નો એવોર્ડ પણ મળ્યો હતો.

સંસ્કૃત સાહિત્યનો અમર ગ્રંથ 'મનુસ્મૃતિ' ભગવાન મનુ દ્વારા ઋષિઓને અપાયેલ ઉપદેશનું સંકલન છે. 'મનુ' કે જેના સંતાન એટલે જ આપણે 'માનવ' કહેવાયા. આશરે બીજી કે ચોથી શતાબ્દીમાં 'મનુસ્મૃતિ' નો સમય માનવામાં આવે છે. તેનો એક શ્લોક ઉપરોક્ત સંવાદ સાથે એકદમ મેળ ખાય છે.

વૃત્તં યત્નેન સંરક્ષેદ્ વિત્તમેતિ ચ યાતિ ચ ।
અક્ષીણો વિત્તતઃ ક્ષીણો વૃત્તતસ્તુ હતો હતઃ ॥

આપણે આપણા ચરિત્રની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી જોઈએ, કારણ કે ધન તો આવે છે અને જાય છે. ધન નષ્ટ થવા પર મનુષ્ય નષ્ટ નથી થતો, પરંતુ આચરણ (ચરિત્ર) નષ્ટ થવા પર મનુષ્ય ચોક્કસ નાશ પામે છે.

એન્ટોની રીડ નામ વિદેશી સંશોધક કહે છે કે, બર્મા, થાઈલેન્ડ, કંબોડિયા, જાવા-બાલી વગેરે જગ્યાએ 'મનુસ્મૃતિ' નો વ્યાપક પ્રચાર હતો. ઉપરાંત ભારત સિવાય આ બધા દેશોમાં પણ રાજાઓ આ જ ગ્રંથને અનુસરીને આચરણ કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી.

'બાઈબલ ઈન ઈન્ડિયા' નામક ગ્રંથમાં લુઈસ જૈકોલિયેટ (LOUIS JACOLLIOT) લખે છે કે,

Manusmriti was the Foundation upon which the Egyptian, The Persian, The gracian and the Roman codes of law were built and that the influence of Manu is still felt in Europe.

મનુસ્મૃતિ જ એ આધારશિલા છે કે, જેના ઉપર મિસ્ર, પર્શિયો, ગ્રેસિયન અને રોમન કાનૂની સંહિતાઓનું નિર્માણ થયું. આજે પણ યુરોપમાં મનુના પ્રભાવનો અનુભવ કરી શકાય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

આજે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન કાર્યશાળા

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● **વ્યક્તિ વિકાસને ખીલવતી, માતૃભાષા પ્રેમીઓના પ્રાણસમી ગુજરાતી ભાષાના સત્ત્વને તથા તત્ત્વને જાણવા, માણવા અને ગરવી માતૃભાષા ગુજરાતીના ગૌરવને અખંડિત રાખવા, જરૂરી એવા વ્યાકરણ અને ભાષાશાસ્ત્રની સમજૂતિનો વ્યાપ વધે અને માતૃભાષાની ફોરમ સર્વત્ર ફોરે તે માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળા અંતર્ગત ચોવીસમી કાર્યશાળા તા. ૨૭મી જુલાઈ, ૨૦૧૯ને શનિવારે, ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડમાં બપોરે ૩.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.**

જેમાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને ઉત્તમ પ્રશિક્ષક તથા ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ (ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી) 'ગુજરાતી વ્યાકરણમાં સમાસ અને સંધિ'નો વિષય રસપ્રદ રીતે પોતાની આગવી શૈલીમાં શિખવાડશે. ભાષા સજ્જત વધારવા અંગેનો રસપ્રદ પ્રયોગ પણ કરવામાં આવશે. આથી ભાષા શક્તિના ઉપાસના માટે પધારવા સંયોજક સંજય પંડ્યા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

વિશ્વકોશ : આપણું સામુહિક ગૌરવ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

છએક દાયકા પૂર્વે ગુજરાત રાજ્યની રચના એક અવિરત સંઘર્ષ પછી થઇ. ''મળતા મળી ગઇ મોંઘેરી ગુજરાત'' જેવી લાગણીથી અનેક લોકોએ રાજ્યના નિર્માણની ઘટનાને અંતરથી વધાવી. ગુજરાતીઓની સૂઝ તથા શક્તિ તેમજ ગત છ દાયકાના દ્રષ્ટિવાળા શાસકોના સંયુક્ત પ્રયાસોથી કેટલાક સીમાચિન્હ રૂપી કાર્યો પણ થયા. આવું એક કાર્ય ગણાવવું હોય તો નર્મદા યોજનાના નિર્માણ કાર્યનું ગણાવી શકાય. હજારો કિલોમીટરમાં ફેલાયેલી નર્મદાની નહેરો થકી તૃષાતુર ભૂમિ તેમજ તૃષાતુર લોકો તૃપ્ત થયા. આ ઘટના ઐતિહાસિક છે. રાજ્યની સ્થાપના બાદના આ સમયગાળામાં નર્મદા યોજનાની ભવ્યતાની જોડાજોડ મૂકી શકાય તેવી ઉજળી કામગીરી એ વિશ્વકોશના નિર્માણની છે. વિશ્વકોશ બીજી કેટલીક ભાષાઓમાં છે અને આપણી ભાષામાં ન હતો તેની ખોટ ધીરુભાઈને સાલી અને એક વિરાટ કાર્યનો સુઆયોજિત પ્રારંભ થયો. પૂજ્ય મોટા તેમજ સાંકળચંદ પટેલ જેવા પુણ્યશ્લોક લોકો વિશ્વજ્ઞાનયજ્ઞના યાજ્ઞિક ઠાકર સાહેબના સહયોગમાં તન – મન અને ધનથી ઊભા રહ્યા. વિશ્વકોશની આ ગૌરવયાત્રા જાન્યુઆરી-૨૦૧૯ માં અમદાવાદના નગરજનોએ માણી તથા જ્ઞાનની ઉપાસના કરનાર અનેક લોકોના મસ્તક ગૌરવભેર ઊંચકાયા. ૧૯૮૯ ના ડિસેમ્બરથી ૨૦૦૯ ના ડિસેમ્બર સુધીની વિશ્વકોશની અવિરત કર્મયાત્રાના કારણે વિશ્વ નિવાસી ગુજરાતીઓને પચીસ દુર્લભ ગ્રંથો પ્રાપ્ત થયા. ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ વિશ્વકોશ આપનાર રતનજી શેઠના ગણાય છે. નર્મદે ભારે જહેમત લઇને 'નર્મકોશ' ની ભેટ સમાજના ચરણે ધરી, પરંતુ તે શબ્દકોશ છે. આ પૂર્વભૂમિકામાં ગુજરાત યુનિવર્સિટી પાસે પૂ. મોટાએ વિશ્વકોશની રચના માટે અપાયેલી દાનરાશી પડી રહી હતી. જાણે પૂજ્ય મોટાની ઉમદા ભાવનાને મૂર્તિમંત કરવા કાળ ધીરુભાઇ ઠાકરની પ્રતિક્ષામાં હતો. ધીરુભાઇએ આ પડકાર ઝીલ્યો. જીવનના નવ દાયકાથી પણ વધારે સમય માટે સદાકાળ યુવાન કર્મયોગી ધીરુભાઇ ઠાકરે આપણી માતૃભાષાની તેમજ વિદ્યાના ઉપાસકોની એક અમૂલ્ય સેવા કરી. વિશ્વકોશના દ્રષ્ટા તેમજ સૃષ્ટા ધીરુભાઇ તો ૨૦૧૪ માં અનંતની યાત્રાએ ઉપડી ગયા. પરંતુ તેમનો ઉડાડેલો ગુલાલ આપણાં સૌની ભાવસૃષ્ટિમાં અનંતકાળ સુધી ભાતીગળ સ્વરૂપે જીવંત રહેશે. વિશ્વકોશમાં વ્યાપક ફલક ઉપર શક્ય હોય તેવા તમામ વિષયોનું જ્ઞાન ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે તે તેની જ્વલંત સિધ્ધિ છે. વિદ્યાપુરુષ તેમજ ઇન્સ્ટીટયૂશન બિલ્ડર ધીરુભાઇ ઠાકરના પગલે ચાલતી વિશ્વકોશની પ્રવૃત્તિ આજે પણ જીવંત તથા ધબકતી છે તે આપણું સદભાગ્ય તેમજ ગૌરવ છે.

૨૦૧૯ની પાંચમી જાન્યુઆરીએ ગુજરાતી ભાષામાં પોત તથા પ્રતિભાનું ઉમેરણ કરનાર વિશ્વકોશ ગ્રંથશ્રેણીની ગૌરવયાત્રાનું આયોજન એ અનેક રીતે અભૂતપૂર્વ હતું. લોકનો એક વિશાળ સમુહ પોતાના શહેરમાં જેનું નિર્માણ થયું છે તેવી ગ્રંથશ્રેણીને વધાવે તે પ્રસંગથી શહેરની શોભામાં વૃધ્ધિ થઇ હતી. વિશ્વકોશનો આકર્ષક ટેબ્લો સૌનું ધ્યાન ખેંચે તેવો હતો. વિશ્વકોશના જનક ધીરુભાઇ ઠાકર તેમજ સાકળચંદ પટેલ જેવા સમર્પીત લોકોનું સ્મરણ કુમારપાળ દેસાઇએ સૌને કરાવ્યું અને તેમનો ઋણ સ્વીકાર કરવાનો એક સુંદર અવસર ઊભો થયો. ધીરુભાઇ ઠાકરના આજીવન સક્રિય તથા સમર્પીત કાર્યથી વિશ્વકોશનું વટવૃક્ષ દૈદિપ્યમાન બન્યું છે. પૂજ્ય મોટા જેવા દીર્ઘદ્રષ્ટા તેમજ પ્રતિભાવંત સંતની વિશ્વકોશ અંગેની મહેચ્છા પણ ઠાકર સાહેબના અવિરત તથા આયોજિત પ્રયાસોથી પૂર્ણ થઇ શકી છે.

ગુજરાતી વિશ્વકોશના પચીસ ખંડોનું કાર્ય પૂર્ણ થયું ત્યારે ઠાકર સાહેબની ઉંમર ૯૧ વર્ષની હતી. તેઓ આ ઉજવળ કામગીરીનું શ્રીફળ હોમીને નિવૃત્તિનું જીવન જીવ્યા હોત તો તે સ્વાભાવિક પણ ગણાત. પણ ધીરુભાઇ નોખી માટીના માનવી હતા. વિશ્વકોશનું કામ પૂરું થયા પછી બાળ વિશ્વકોશનું દ્રષ્ટિ સંપન્ન કાર્ય ઉપાડ્યું. કવિ ચન્દ્રકાન્ત શેઠ જેવા કર્મઠ વ્યક્તિએ ધીરુભાઇને સંતોષ થાય તે રીતે બાળ વિશ્વકોશનું કામ ઝડપભેર આગળ વધાર્યું. જોતજોતામાં બાળ વિશ્વકોશના આઠ ખંડો ગુજરાતી ભાષાના આભૂષણ સમાન થઇને ઝળકી ઉઠ્યા. વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી ઉત્તમ પ્રકાશનોની શ્રેણીનું કાર્ય તો ચાલુજ રહ્યું. ઉપરાંત શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન – વિજ્ઞાન વ્યાખ્યાન શ્રેણીના માધ્યમથી ઉત્તમ પ્રકારના વ્યાખ્યાનોની હારમાળાએ વિશ્વકોશની સક્રિયતાને દીપાવી છે. ધીરુબહેન પટેલનું માર્ગદર્શન પણ પરીણામલક્ષી બની રહેલું છે. ગઇકાલ સુધી જેઓની વાણી તેમજ વ્યવહાર થકી આપણને મહાત્મા ગાંધીની સ્મૃતિ થતી હતી તેવા નારાયણ દેસાઇનું દેસાઇનું સર્વસાચી એવોર્ડથી સન્માન એ એવોર્ડનું ગૌરવ વધારે તેવી ઘટના હતી. નારાયણ દેસાઇએ ધીરુભાઇની સ્મૃતિસભામાં કહ્યું કે ધીરુભાઇના આજીવન પ્રયાસ વિવાદમાંથી સંવાદ તરફની ગતિ થાય તે માટેના હતા. ઉપરાંત પ્રાપ્ત થયેલા જ્ઞાનનો ઉપયોગ સમગ્ર સૃષ્ટિના મંગળ માટે થતો રહે તેવી લાગણી પણ નારાયણભાઇએ ધીરુભાઇના જીવનને ટાંકીને કરી હતી. આજના સંદર્ભમાં આ વાત ખૂબ મહત્વની છે. માહિતીના અઢળક સ્ત્રોતમાંથી ઉપલબ્ધ થતા જ્ઞાનનો ઉપયોગ સર્વજન હિતાય સર્વજન સુખાય કરવામાં આવે તો એ લાધેલું જ્ઞાન પણ સાર્થક થયું ગણાય. નીરક્ષીર વિવેક રાખીને આપણાં અધ્યાપકો તેમજ અભ્યાસુઓ આ જ્ઞાન ખજાનાનો ઉપયોગ કરે તો ધીરુભાઇ ઠાકરના અખંડ યજ્ઞની સાર્થકતા ગણાશે.

વિશ્વકોશના સંદર્ભમાં એક નોંધપાત્ર બાબત એ છે કે આ સમગ્ર કાર્ય દ્રષ્ટિ સંપન્ન લોકોના સહયોગ તથા કર્મઠ લોકોના પરિશ્રમ થકી આગળ વધ્યું છે. એ રીતે જોઇએ તો આ સમગ્ર પ્રવૃત્તિના વ્યાપ તેમજ વિસ્તારમાં લોક ભાગીદારીનું અનેરુ મહત્વ રહેલું છે. જુદા જુદા વિષયના અનેક તજ્ઞોને એકતાંતણે બાંધીને આ કાર્ય મહોરી ઊઠ્યું છે. વિશ્વકોશના નિર્માણમાં જેમનું મહત્વનું યોગદાન છે તેવા સંનિષ્ઠ શિક્ષકોની એક ઉજળી ધરોહરના આપણે વારસદારો છીએ તેવી ગૌરવપ્રદ લાગણી થાય તેવો આ ઉજળો ઘટનાક્રમ છે. આપણી માતૃભાષાના ચલણ તેમજ વિકાસના સંદર્ભમાં આજે જ્યારે સાર્વત્રિક ચિંતાનો સૂર સંભળાય છે ત્યારે ધીરુભાઇના આ યજ્ઞકાર્ય થકી આશા તેમજ ઉત્સાહની જ્યોત પ્રજ્વલિત થઇ છે તેમ કહેવું યથાર્થ ગણાશે. આ જ્યોતનું જતન કરવાની આપણી સૌની સામુહિક જવાબદારી છે.

જે સ્વાગત થાય એને મારું સ્વાગત સમજી લઉં એવો હું મૂરખ નથી : ગાંધીજી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દાંડી યાત્રિકો સાથે કૂચના સેનાપતિ મો ક. ગાંધી વાંઝ ગામથી ગાયકવાડી રાજ્યના તાબાના ગામ ધામણ જવા નીકળ્યા. રસ્તામાં આવતા પોપડા અને કપ્લેથા ગામના મુસ્લિમ આગેવાનોએ ભાવભર્યું સ્વાગત કર્યું. એ પછી કપ્લેથા ગામે આવતી મીંઢોળા નદીને સામે પાર જવાનું હતું. સામાન્ય રીતે મીંઢોળા નદીમાંથી ચાલતા જઈ શકાતું હતું પરંતુ મીંઢોળા નદી જાણે દાંડી સૈનિકોનું સ્વાગત કરતી હોય એમ પાણીની મોટી ભરતી આવી હતી. ગામના મુસ્લિમ અને હિંદુ ખેડૂત ભાઈઓએ નદી ઓળંગવા માટે પોતાનાગાડાંનદીમાં ઉતારી દીધા હતા. એક ગાડાં સાથે બીજું, ને બીજા સાથે ત્રીજુ એમ કરીને એક પણ પૈસાના ખર્ચ વિના નદી માં 'ગાડાંપુલ' બનાવી દીધો હતો. સામે કાંઠે પહોંચતા સરદારની ગેરહાજરીમાં ત્રણ મહિના અને ત્રણ અઠવાડિયા માટે બારડોલી સત્યાગ્રહના પ્રમુખ તરીકેની કમાન જેમણે સંભાળી હતી એવા સુમંત મહેતા અને ડાભેલ ગામના પ્રસિદ્ધ મૌલવી પ્રતિનિધિએ ગાંધીજીનું સ્વાગત કર્યુ હતું. ગાયકવાડી તાબા હેઠળનું ધામણ ગામ ભક્ત સંપ્રદાયના પાટીદારોની વસ્તી ધરાવતું ગામ હતું. કબીર સાહેબના અનુયાયી એવા આ ગામના ખેડૂતો પ્રગતિશીલ ખેડૂતો હતા. બારડોલીની અને આઝાદીની તમામ લડતોમાં આ ગામના વિદ્યાર્થીઓ, યુવાનો અને મોટેરાઓએ ગણના પાત્ર ફાળો આપેલો હતો. ગાંધીજીએ જેમને આધ્યાત્મિક ગુરુ તરીકે ઓળખાવ્યા હતા એવા શ્રીમદ રાજચંદ્રજીના અનુયાયીઓનું પણ આ ગામ પ્રસિદ્ધ ધામ હતું. ગામના લોકોએ દાંડીકૂચમાં ગામનો સુંદર શણગાર કર્યો હતો. આખે આખી એક કમાન તો હાથે કાંતેલા સુતરની જ ઊભી કરી હતી. બારસો માણસોની ધરાવતા ગામમાં જાહેર સભા થઈ તેમાં પાંચ હજાર માણસોની હાજરી નોંધાઈ હતી.

જાહેર સભાને સંબોધન કરતા ગાંધીજી કહ્યું કે 'આ ગામની આસપાસના કસબાઓ એવા છે જેમાં મારા પુરાણા અસીલો અને સાથીઓ વસે છે. દક્ષિણ આફ્રિકાની લડતમાં મુસલમાન ભાઈઓએ મોટો ફાળો આપેલો અને ત્યાંની લડતના આગેવાન પણ મુસલમાન ભાઈ હતા. આફ્રિકામાં તે વખતે સિંહ ગર્જના કરનાર ભાઈ કાછલિયા હતા. પ્રિટોરિયાની મસ્જિદમાં તેઓ જ્યારે ભાષણ આપતા ત્યારે તેમની સિંહ ગર્જના સાંભળી હું તાજુબ થતો હતો. કારણ કે એ એવા દિવસો હતા જ્યારે બધા જેલથી ડરતા હતા. ગાંધી આગળ વધીને કહે છે કે એ ભાઈથી વધારે બહાદુર અહીં કે દક્ષિણ આફ્રિકામાં એકે હિંદુ કે મુસલમાન ભાઈ મેં જોયો નથી.

ઉલ્લેખનીય છે કે ગાંધી ૧૯૧૫થી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત

સ્વદેશાગમન પછી છેક પંદર વર્ષે ગાંધીજીએ પહેલીવાર ગાયકવાડી ગામમાં મુકામ કર્યો

ફર્યા હતા, છેલ્લા ૧૫ વર્ષથી ભારતમાં હોવા છતાં પણ ગાંધીજીએ એક પણ વાર વડોદરાના ગાયકવાડી રાજ્યના એક પણ ગામમાં મુકામ કર્યો ન હતો. દાંડીયાત્રામાં પહેલીવાર વડોદરા રાજ્યના ધામણ ગામમાં તેમણે મુકામ કર્યો હતો, એટલે સુમંત મહેતા સહિતના ગ્રામજનો માટે ગાંધીજીનો મુકામ એ ધન્ય ઘડી અને ધન્ય દિવસ જેવો હતો.

ગાંધીના અગામાનાને કારણે ગામના ૯ ભાઈઓ અને ૧૦ બહેનોએ દારૂતાડી ન પીવાની અને માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી. ગાંધીજીએ તેમના બિરદાવ્યા હતા અને કહ્યું કે 'પ્રતિજ્ઞામાં પણ બહેનો ભાઈઓ કરતા ચઢી ગઈ છે'.

સાંજના સમયે દાંડીકૂચ આગળ રવાના થઈ હતી. માર્ગમાં આવતા કસ્બા, પડઘા, વેરાવળ વગેરે ગામોનો સત્કાર સન્માન ઝીલતા દાંડી સૈનિકોની કૂચ નવસારી નગરના દુધિયા તળાવે પહોંચી હતી.

નવસારી એટલે પારસીઓની વધુ વસ્તી વાળું નગર. એક પારસી સદગૃહસ્થે દુધિયા તળાવની સભામાં પોતાના ખર્ચે વીજળીનું ફીટીંગ કરાવ્યું હતું. આ સભામાં પચીસ હજાર માણસોની હાજરી હતી. નવસારીમાં ભાષણ કરતાં ગાંધીએ કહ્યુ કે 'નવસારી અમારું જે સ્વાગત કર્યું તે હું કદી ન ભૂલી શકું. હું એવો મૂરખ નથી કે સ્વાગત મારું કે મારા સાથીઓનું છે એમ માની લઉં. જે વસ્તુ ને સારું હું અને મારા સાથીઓ સાથે યાત્રા કરું છું તેનું સ્વાગત છે'. સરદારની અનેક શક્તિને અંજલિ આપતા તેમણે કહ્યું કે તેમનો મહત્વનો ભોગ એ તેમનો ક્ષેત્ર સન્યાસ છે. તેઓ ગુજરાતમાં કામ કરવાની પ્રતિજ્ઞા લઈને બેસી ગયા. તેમણેજો તમને એક આંખ હિન્દ તરફને બીજી બારડોલી તરફ રાખી હોત તો બાવાના બેય બગડે એવું થાત. એમણે ક્ષેત્ર સન્યાસને લીધે બારડોલી ને અને હિંદને દીપાવ્યું છે. એ લડત એકલા બારડોલીની ન હતી પણ સરદારે એ નિમિત્તે કાળા કાયદા સામે કેવી રીતે એક થઈને કામ કરી શકાય એ બતાવ્યું છે. સરદારની ગેરહાજરીમાં ગુજરાત માથે આથી તો બેવડી જવાબદારી છે, એમ તેમણે ફરીવાર દોહરાવ્યું હતું..

આ સભામાં તેમણે અગ્રણીઓ અને અનુયાયીઓના વારંવારના સવાલ 'કે જે સ્ટેટમાં મીઠાના અગર હોય તો ત્યાં શું કરવું?' - આવતા હતા. તેનો તેમણે એક જ શબ્દમાં જવાબ આપ્યો. સ્પષ્ટ 'ના' પાડીને. અને કહ્યું કે સ્ટેટની પ્રજાને પણ સત્યાગ્રહ સામે દાંડીકૂચમાં જોડાવા માટે કહ્યું છે. અને તેમના સ્ટેટની બહાર પણ મીઠાના કાયદાના ભંગમાં બીજાના જેટલો તમારો પણ અધિકાર છે એમ સમજાવ્યું છે, એટલે હાલ તો દાંડી સત્યાગ્રહમાં જ તેમણે ઝૂકાવવાનું છે.

નવસારીમાં પારસીઓની એક લાખ જેટલી વસ્તી હોવાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે પારસીઓને હું ઓળખ્યા વિના નથી રહ્યો અને એ પણ મને ઓળખ્યા વિના નથી રહેતા. લેંગ નામના એક યુરોપિયન લેખકે ઉદારતાની બાબતમાં પહેલો નંબર પારસીઓનો છે એમ સિદ્ધ કરી બતાવ્યું છે.'પારસીઓ કમાઈ જાણે છે તેમ ખર્ચી પણ જાણે છે. આઝાદીની લડતમાં તો પારસી ભાઈઓ ઉદારતાથી નાણાં આપે છે પરંતુ એ સાથે લડતમાં એમનો ફાળો સારા એવા પ્રમાણમાં છે. કેન્સરના દર્દી એવા એક પારસી ભાઈની લડતમાં સામેલ થવા બાબતના ચાર પાનાનો કાગળનો ઉલ્લેખ પણ તેઓ કરત